## ગાંધી વિચારના ભાષ્યકાર

# કિશોરલાલ મશરૂવાળા



**૫ ઓક્ટોબર, ૧૯૦૯ - ૯ સપ્ટેમ્બર, ૧૯૫૨**
**કિશોરલાલ મશરૂવાળા**

*‘‘કિશોરલાલની સલાહ મારે માટે ઘણી કીમતી છે. મારી પાસે આવીને વર્ષોથી એ બેઠા છે, છતાં હું જાણું છું કે એમની સત્યશોધક દૃષ્ટિ એટલી બધી મૂલગામી અને સ્વતંત્ર છે કે એ મારી પાછળ પાછળ નથી આવતા અમે બંને સત્યની શોધમાં સમાંતર માર્ગે જ ચાલી રહ્યા છીએ.’’*

- ગાંધીજી

ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજ, શિક્ષણ, ભાષા, લિપિ, અર્થકારણ, રાજકારણ, ગાંધી વિચાર, સ્ત્રી-પુરુષ સંબંધ જેવા વિવિધ વિષયોને મૂળભૂત રીતે મૂલવનાર મહાન ચિંતક એટલે ગાંધી વિચારના ભાષ્યકાર કિશોરલાલ મશરૂવાળા.

૫મી ઓક્ટોબરે જન્મેલા કિશોરલાલભાઈ ૧૯૦૯માં મુંબઈની વિલ્સન કૉલેજમાં બી.એ. અને ૧૯૧૩માં એલએલબીની પરીક્ષા પ્રથમવર્ગમાં પસાર કરીને ત્રણ વર્ષ સુધી વકીલાત કરી. પરંતુ ગાંધીજીના ચંપારણ્ય સત્યાગ્રહ પછી ગાંધી વિચાર પ્રત્યે આકર્ષાયા અને આજીવન એમના અનુયાયી બન્યા. આરંભના વર્ષોમાં રાષ્ટ્રીય શાળામાં શિક્ષક થયા. એ પછી ગાંધીજીએ એમની ગૂજરાત વિદ્યાપીઠના મહાપાત્ર તરીકે નિમણૂક કરી. દેશના સ્વાતંત્ર સંગ્રામમાં ૧૯૩૦, ૧૯૩૨ અને ૧૯૪૨માં તેઓએ કારાવાસ ભોગવેલો.

કિશોરલાલભાઈ એક વિચારક તરીકે સત્ય અને અસત્યની, શ્રેયસ અને અશ્રેયસની, ધર્મ અને અધર્મની સૂક્ષ્મ વિવેક દૃષ્ટિએ જીવનને અવલોકતા રહ્યા અને માનવ મૂલ્યોની સાથે મૂલવતા રહ્યા. લખાણોમાં વૈચારિક સ્પષ્ટતા, બૌદ્ધિક સ્વસ્થતા, માનસિક ગહનતા, તર્કશુદ્ધ વિશદ્તા અને સૈદ્ધાંતિક પ્રચુરતા હોવાને કારણે ક્યારેક એમનું ગદ્ય ગાંધીજીની પયગમ્બરી છટા પણ દાખવે છતાં તેમના વિચારોનું કશું દબાણ કિશોરલાલભાઈ પર નહોતું. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તેઓ સ્વતંત્ર વિચારક હતા. કિશોરલાલભાઈનું મગજ તેમનું પોતાનું હતું. તેઓ રામ અને કૃષ્ણ બુધ્ધ અને મહાવીર, ઈસુ અને મહંમદ, સહજાનંદ અને વિવેકાનંદ વગેરેના જીવનમાંથી માનવીય ગુણોનું આલેખન કરનાર સત્યની શોધમાં નીકળેલા સાધુચરિત શ્રેયાર્થી હતા.

> ગાંધી વિચારના ભાષ્યકાર અને પ્રખર અનુયાયી હોવા છતાં અપ્રતિમ વૈચારિક અસહમતીની વીરતા દાખવવામાં પણ કિશોરલાલ નીડર હતા

સાધક, ચિંતક અને લેખક તરીકેની એમની સીમાસ્તંભરૂપ, યાદગાર અભિવ્યક્તિ ‘જીવનશોધન’ તથા ‘સમૂળી ક્રાંતિ’માં જોવા મળે છે. કેળવણીકાર તરીકેની એમની સૂક્ષ્મ અને મૌલિક દૃષ્ટિનો પરિચય ‘કેળવણીના પાયા’ ‘કેળવણી વિવેક’ અને ‘કેળવણી વિકાસ’ એ ગ્રંથત્રિપુટીમાં થાય છે. નૈતિકતાને આલેખતું ‘સ્ત્રી-પુરુષ-મર્યાદા’ તેમજ ક્રાંતિકારી વિચારણા પ્રગટ કરતું અને પ્રચલિત વિચારોમાં રહેલા દોષોને પડકારતું ‘સંસાર અને ધર્મ’ એમનાં પ્રકીર્ણ પુસ્તકો છે. ખલિલ જિબ્રાન કૃત ‘ પ્રોફેટ’ ટૉલ્સટૉય કૃત ‘ ધ લાઈટ શાઈન્સ ઈન ડાર્કનેસ’ મોરિસ મેટરલિંક કૃત ‘ ધ લાઈફ ઑફ ધ વ્હાઈટ એન્ટ્સ્’ અને પેરી બર્જેસ કૃત ‘ હુ વૉક એલોન’ ગ્રંથોમાં અનુક્રમે ‘વિદાય વેળાએ’, ‘તિમિરમાં પ્રભાત’, ‘ઊધઈનું જીવન’ અને ‘માનવીય ખંડિયેરો’ નામે એમણે ભાષાંતરો આપ્યાં છે. સાંખ્ય, યોગસૂત્ર વગેરે શાસ્ત્રોમાં એમણે સંશોધન કર્યું છે. ‘શ્રીમદ ભગવદ્ ગીતા’નો એમણે આપેલો સમશ્લોકી અનુવાદ ‘ગીતા ધ્વનિ’ મૂળને વફાદાર અને સરળ તથા લોકભોગ્ય છે. ગાંધીજીના વિચારોની સમજૂતી માટે ‘ગાંધી વિચાર દોહન’ ‘ગાંધીજી અને સામ્યવાદ’ ‘અહિંસા વિવેચન’ વગેરેમાં ગાંધી વિચારના ભાષ્યકાર તરીકેના એમના સામર્થ્યના દર્શન થાય છે. તો

સાથોસાથ ગાંધીવાદીઓ પરના કટાક્ષલેખોને સંઘરતું 'કાગડાની નજરે' પુસ્તક એક અનેરો આસ્વાદ કરાવે છે.

ગાંધીજીએ શરૂ કરેલાં 'હરિજન બંધુ' સાપ્તાહિકના ૧૯૪૬થી તંત્રી તરીકે નિમાયા અને એ પદ જીવનપર્યંત નિભાવ્યું. આ પ્રજા ઘડતર સાપ્તાહિકની જવાબદારી એવા વિચારલક્ષી, અભ્યાસલક્ષી અને ચિંતનલક્ષી વાંચન સામગ્રીથી શોભાવી કે વાચકોને ગાંધીજીની ખોટ વરતાવા ન દીધી. છતાં ગાંધી યુગના એક તત્ત્વદર્શી ફિલસૂફ કે મૌલિક ચિંતક તરીકે એમની ઓળખ સીમિત રહી નથી.

એટલે જ વિનોબાજીએ એમને શ્રદ્ધાંજલિ અર્પતા એક લેખમાં કિશોરલાલને બુદ્ધ પછીના મોટામાં મોટા વિચારકની ઓળખ આપી છે.

ગાંધીજી પ્રત્યેની વૈચારિક અને વૈયક્તિક નિષ્ઠા જેટલી પ્રબળ હતી તેટલી જ સત્ય પ્રત્યેની નિષ્ઠા પણ સબળ હતી. સત્ય અભિવ્યક્તિના જ્યારે જ્યારે પ્રસંગ આવ્યા ત્યારે ગાંધીજીને પણ સ્પષ્ટવક્તા તરીકે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવામાં ક્ષોભ નહોતા અનુઅભવતા. ઉદાહરણ તરીકે ગાંધીજીએ પોતાના બ્રહ્મચર્યની કસોટી કરવા મનુબેન ગાંધી સાથે એક જ પથારીમાં સૂવાના પ્રયોગ અંગેનું પ્રજાજોગ નિવેદન 'હરિજન બંધુ'માં પ્રસિદ્ધ કરવા મોકલ્યું ત્યારે તંત્રી તરીકે 'હરિજન બંધુ'માં છાપવાનો કિશોરલાલભાઈએ ઈન્કાર કરી દીધો હતો. ગાંધી વિચારના ભાષ્યકાર અને પ્રખર અનુયાયી હોવા છતાં અપ્રતિમ વૈચારિક અસહમતીની વીરતા દાખવવામાં પણ એ નીડર હતા. પ્રતિકારની પળોમાં પ્રેમ અને અહિંસાની અદ્‌ભુત શક્તિથી સામી વ્યક્તિને ભીંજવી દેતા.

ગુજરાત વિદ્યાપીઠના તંત્ર અને કાર્યમાં ૧૯૨૭માં ગાંધીજીએ ક્રાંતિકારી પરિવર્તન કરી વિદ્યાપીઠની નિયામક સભાને વિખેરી નાખી નવા વિદ્યાપીઠ મંડળની સ્થાપના કરી તે સમયની નિયામક સભામાં કિશોરલાલભાઈ હાજર નહોતા. પરંતુ આ વિચારના પાયામાં કિશોરલાલભાઈ જ હતા. આ અંગે વિદ્યાપીઠના નિયામક મંડળની સભામાં ગાંધીજીએ એનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે ''કિશોરલાલની સલાહ મારા માટે ઘણી કીમતી છે. એમની સલાહને જ અનુસરી મેં આ પગલું ભર્યું છે.''

કિશોરલાલભાઈ વિશે ગાંધીજીએ કહ્યું છે કે અમારા વિચારો સમાંતર ચાલે છે. પરંતુ કેટલીક બાબતોમાં બંને વચ્ચેનો વિચારભેદ સ્પષ્ટ ઉપસી આવે છે.

ઉદાહરણ તરીકે કિશોરલાલભાઈ ગાંધી સેવા સંઘના પ્રમુખ હતા ત્યારે ૧૯૩૭-૩૮ બાદ આ સંસ્થાના સભ્યોને પાર્લામેન્ટરી કાર્યક્રમમાં જવાની છૂટ આપવાનું વિચારાયું. એ સમયે કિશોરલાલભાઈ અને ગાંધીજી વચ્ચે સુક્ષ્મ વિચારભેદ પ્રગટ થયો જે 'હરિજનબંધુ'ના તા. ૨૭-૯-૫૨ના અંકમાં પ્રસિદ્ધ થયો છે.

કિશોરલાલભાઈએ કહ્યું કે, સંઘે પાર્લામેન્ટરી કામોમાં પડવું એ સંઘના સભ્યો માટે ભ્રષ્ટતાનો રસ્તો ખોલવા બરાબર છે, એ રસ્તો સંઘને માટે તાજ્ય છે.

ગાંધીજીએ એવું મંતવ્ય વ્યક્ત કર્યું કે હું એવું નથી માની શકતો. ભ્રષ્ટ થવાનું તો મનુષ્ય માટે દરેક જગ્યાએ રહેલું છે. તેમાંથી ઉગરીને પણ જરૂરી કામ કરવાનો આપણો ધર્મ છે. હા જેને તે ધર્મ પ્રાપ્ત થાય છે કે અંતરમાં ઊગે તે એને પસંદ કરે, એ વસ્તુ રહેલી છે. પરંતુ ગાંધી સેવક એમાં ન જ પડી શકે એ બરોબર નીતિ નથી.

> વિનોબાજીએ એમને શ્રદ્ધાંજલિ અર્પતા એક લેખમાં કિશોરલાલને બુદ્ધ પછીના મોટામાં મોટા વિચારકની ઓળખ આપી છે.
>
> કિશોરલાલભાઈ એક વિચારક તરીકે સત્ય અને અસત્યની, શ્રેયસ અને અશ્રેયસની, ધર્મ અને અધર્મની સૂક્ષ્મ વિવેક દૃષ્ટિએ જીવનને અવલોકતા રહ્યા અને માનવ મૂલ્યોની સાથે મૂલવતા રહ્યા.

કિશોરલાલભાઈને દમનો વ્યાધિ ખૂબ પરેશાન કરતો. એમને શ્વાસ ચડતો ત્યારે આસપાસના લોકો તેમની હાલત જોઈ શકતા નહોતા. દમના હુમલા એમને અનેકવાર થતા હતા. અને એ દૃશ્ય વારંવાર જોવાનું થવાથી, તેમના સાથીઓ એનાથી કંઈક અંશે ટેવાઈ પણ ગયા હતા. પરંતુ કોઈ નવું માણસ આવીને કિશોરલાલભાઈની એ તીવ્ર વેદના જોતું હતું ત્યારે - તેઓ લગાતાર કલાક બે કલાક સુધી એ સહન કરતા હતા - એ દૃશ્યને તે તોફાન સિવાય બીજી ઉપમા આપી શકે એમ નહોતું. પણ એ તોફાન શમી જતાંવેંત, થાકને લીધે તેમને અતિશય નબળાઈ આવી ગઈ હોવા છતાં, તેમના ચહેરા પર બાળકના જેવું નિર્દોષ હાસ્ય સ્ફૂરી ઊઠતું હતું.

ગાંધીજી માનતા કે દેશના કાર્ય માટે જો પાર્લામેન્ટરી કામ જરૂરનું છે, તો તે કરનારા ગાંધીસેવકો પણ હોવા જોઈએ. સમૂહજીવનમાં ધર્મ સ્થાન છે જ, એ મોટો અને વ્યાપક વસ્તુનો અમલ રાજકારણમાં પણ થવો જોઈએ.

૯મી સપ્ટેમ્બર ૧૯૫૨માં આખરી શ્વાસ લેનાર કર્મયોગી કિશોરલાલભાઈ મૃત્યુની પળે છેલ્લા પચ્ચીસ વર્ષેથી સતત માંદા જ રહેતા. દમના અસાધ્ય થઈ પડેલા રોગની તીવ્રતમ વેદનાની ઘેરી છાયામાં પણ કાર્યરત રહેતા. ગાંધીજી સહિત દેશ-વિદેશના આગેવાનો સાથે વિવિધ પ્રશ્નો અંગે લાભદાયી અને જ્ઞાનદાયી ચર્ચાઓ કરતા. છેલ્લા દિવસોમાં તો શરીર પર માત્ર હાડકાં અને ચામડી જ દેખાતાં છતાં એ સૂકલકડા શરીરમાં પ્રકાશી રહેલા તેજસ્વી આત્માના અપ્રતિમ બળને આધારે જ જીવનના અને લોકસેવાના સંગ્રામો પ્રસન્નતાપૂર્વક ખેલતા હતા.

ગુજરાત સાહિત્ય, ગુજરાતી ભાષા અને ગુજરાતના જાહેરજીવનને ઘડનાર આ વૈચારિક પથદર્શક પ્રત્યે યોગ્ય ઋણ અદા કરવામાં ગુજરાત ઊણું ઉતર્યું છે. ખાસ કરીને ગુજરાતી સાહિત્ય સરવાણી સાચવી રાખવાનો દાવો કરનાર સાહિત્યિક સંસ્થાઓ ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધી વિચાર પ્રચારના ઝંડાધારી તરીકે પોતાને ઓળખાવતી નવજીવન ગૂજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થાઓએ ગાંધીયુગની આ મહાન વિભૂતિને કેમ વિસારે પાડી હશે? ગુણીયલ ગણાતું ગુજરાત બુદ્ધ પછીના આ મહાન વિચારક પ્રત્યે આટલું નગુણું કેમ બની ગયું હશે.